## FORM A

કાલવડના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,
મુકામ-કાલાવડ

સમક્ષ : અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, કાલાવડ

ફોજદારી કેસ નંબર- ૧૯૧૫/૨૦૨૫
આંક -

કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન એફ.આઈ.આર.
નં.૧૧૨૦૨૦૫૬૨૫૦૮૪૫/૨૦૨૫

| | |
|---|---|
| ફરિયાદી | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરિયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી ડી.ડી.કારીયા |
| આરોપી/ઓ | (૧) નવાજભાઇ સ/ઓ. જુમાભાઇ ઓસમાણભાઇ દેથા<br>ઉ.વ.૩૧ , ધંધો- છુટક મજુરી,<br>રહે. પીરલાખાસર ગામ તા. ખંભાળીયા,<br>જી.દેવભુમિ દ્વારકા<br><br>(૨) અજયભાઇ સ/ઓ કારૂભાઇ લીલાભાઇ સોલંકી<br>ઉ.વ.૨૯ ધંધો- મજુરીકામ<br>રહે. ધંટેશ્વર પાસે, પચીવાડી કવાર્ટર બ્લોક નંબર ૬૬૨, જામનગર રાજકોટ રોડ, રાજકોટ મુળ- બસ સ્ટેન્ડ ની પાછળ, ફાટક પાસે, સાવરકુંડલા રોડ, અમરેલી<br><br>(૩) અલ્તાફભાઇ ઉર્ફે ભાયો ઇકબાલભાઇ અબ્દુલભાઇ બેલીમ સીપાઇ<br>ઉવ.૨૮ ધંધો રીક્ષા ડ્રાઇવીંગ,<br>રહે.એકતા સોસાયટી, હાઉસીંગ બોર્ડ કવાર્ટર, બ્લોક નંબર ૫૮૫, પરાપીપળીયા જામનગર રોડ, રાજકોટ |

| | |
|---|---|
| | **(૪)** મિતભાઇ ઉર્ફે ગાંડો દિલીપભાઇ પુનાભાઇ વાઘેલા<br>ઉ.વ.૩૦ ધંધો રીક્ષા ડ્રાઇવીંગ,<br>રહે. રૈયાધાર, રાણીમા રૂડીમા ચોક, હનુમાન ડાડાના મંદીરની સામે, રાજકોટ<br><br>**(૫)** વસીમભાઇ ઉર્ફે અંજુમ સ/ઓ અબ્દુલભાઈ ઓસમાણભાઈ મુસાણી ખાટકી<br>ઉં.વ. ૨૫**,** ધંધો મટનનો વેપાર<br>રહે. પરાપીપળીયા, એકતા સોસાયટી, હાઉસીંગ કર્વાટર, રૂમ નંબર ૪૩૫, જામનગર રોડ, રાજકોટ |
| આરોપી પક્ષ તરફે | વિ.વ.શ્રી આરોપી નં. ૧ ,૩ તરફે<br>એસ.વાય.બ્લોચચ<br>વિ.વ.શ્રી આરોપી નં.૨, ૪, ૫ એન.પી.રાઠોડ |

**FORM B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૫/૦૯/૨૦૨૫ |
| એફ.આઈ.આર. નોંધાયા તારીખ | ૦૮/૧૦/૨૦૨૫ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | ૦૩/૧૨/૨૦૨૫ |
| તહોમતનામું ઘડયા તારીખ / પ્લી રેકર્ડ કર્યા તારીખ | ૧૨/૧૨/૨૦૨૫ |
| ચુકાદા માટે મુકરર થયા તારીખ | ૧૫/૦૭/૨૦૨૬ |
| ચુકાદો જાહેર થયા તારીખ | ૧૫/૦૭/૨૦૨૬ |
| જો કોઈ સજા ફરમાવી હોય તો તેની તારીખ | - |

આરોપી/ઓની વિગત

| અનુક્રમ નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન મુક્ત થયા તારીખ | ગુનાનું તહોમત | નિર્દોષ/ દોષિત | સજા ફરમાવી હો | ક્રિ.પ્રો.કો.ક.૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યા |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | યતોતેનીવિગત | ન ભોગવેલ સજાનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | નવાજભાઇ સ/ઓ. જુમાભાઇ ઓસમાણભાઇ દેથા | ૧૨/૧૦/૨૦૨૫ | ૧૩/૧૦/૨૦૨૫ | બી.એન.એસ.કલમ-૩૦૩(૨), ૫૪ મુજબ | આખરી હુકમ મુજબ | - | - |
| ૦૨ | અજયભાઇ સ/ઓ કારૂભાઇ લીલાભાઇ સોલંકી | ૧૨/૧૦/૨૦૨૫ | ૧૩/૧૦/૨૦૨૫ | | | | |
| ૦૩ | અલ્તાફભાઇ ઉર્ફે ભાયો ઇકબાલભાઇ અબ્દુલભાઇ બેલીમ સીપાઇ | ૧૨/૧૦/૨૦૨૫ | ૧૩/૧૦/૨૦૨૫ | | | | |
| ૦૪ | મિતભાઇ ઉર્ફે ગાંડો દિલીપભાઇ પુનાભાઇ વાઘેલા | ૧૨/૧૦/૨૦૨૫ | ૧૩/૧૦/૨૦૨૫ | | | | |
| ૦૫ | વસીમભાઇ ઉર્ફે અંજુમ સ/ઓ અબ્દુલભાઈ ઓસમાણભાઈ મુસાણી ખાટકી | ૧૨/૧૦/૨૦૨૫ | ૧૩/૧૦/૨૦૨૫ | | | | |

**-// ચુ કા દો //-**

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૫/૦૯/૨૦૨૫ થી ૦૪/૧૦/૨૦૨૫ ના અગિયારેક વાગ્યા પહેલા કોઇ પણ સમય દરમ્યાન વીંડ વર્લ્ડ ક્લીન એનર્જી ફોરેવેર પ્રા.લીમીટેડ કંપની હસ્તકની અપોલો ટાયર્સ લીમીટેડ કંપનીની પવનચક્કીઓ લોકેશન નંબર ૨૪, ૨૫, ૨૬ વાળી વાયુ એમ.એસ કંપનીની પવનચક્કીઓમા લોકેશન નંબર ૬૪૮, ૯૫૦, ૯૫૨ તેમજ મોટી વાવાડી ગામે સાઇટ ઓફીસની સામેના ભાગમાં આવેલ વાયુ એસ.એમ.કંપનીની પવનચકકી ૮૬,૮૭,૮૮ તેમજ છતર ગામે મોટી વાવડી ગામ તરફ જતા રસતે લાધવ સીમ વિસ્તારમાં વાયે એસ.એસ પવન ચકકી લોકેશન નં.૯૩૫,૯૩૬,૯૩૭,અલગ અલગ૧૨ પવન ચકકીના ટ્રાન્સફોર્મરના બહારના તળીયાના ભાગ તરફ જતો લીલા કલરનું ૧૫૦ એમ.એમ. કોપર અથિંગ વાયરના કુલ- તમામ પવનચક્કીઓનો મળી કુલ-૮૪ મીટર આર કોપર વાયર જેના એક મીટરની કી.રૂ.૬૦૦/- એ કુલ કિ.રૂ.૫૦,૪૦૦/- નો કોપર ચોરી કરી, એકબીજાની મદદગારી કરી ગુનો કરી, આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.કલમ-૩૦૩(૨), ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૨) કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન એફ.આઈ.આર. નં.૧૧૨૦૨૦૫૬૨૫૦૮૪૫/૨૦૨૫ થી ફરિયાદ નોંધાવેલી. જે કામે તપાસ અધિકારીએ પુરતી તપાસ કરી લાગતા વળગતા સાહેદોનાં વિગતવાર નિવેદનો નોંધી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતાં આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ કરેલ છે. આરોપીઓને પ્રોસેસની ધોરણસર બજવણી થતાં આરોપી હાજર થયેલા હોઈ, આંક-૦૪ થી તહોમતનામુ ફરમાવી, આંક-૫,૬,૭,૮,૯ થી આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે. જેમાં આરોપીને બી.એન.એસ.એસ ની કલમ-૨૧૦ અન્વયે પોલીસ તપાસનાં કાગળો વિના મુલ્યે મળેલ હોવાની ખાતરી કરવામાં આવેલી, આરોપીઓએ પોતાની સામેના આક્ષેપ મુજબના ગુનાનો ઈન્કાર કરેલ હોઈ, આ કામે ફરિયાદ પક્ષના પુરાવા માટે મુકરર કરવામાં આવેલ.

(૩) આ કામે પ્રોસીક્યુશન તરફે રજૂ થયેલ પુરાવો નીચે મુજબ છે.

**FORM-C**

ફરિયાદ પક્ષ / આરોપી પક્ષ / કોર્ટ દ્વારા નોંધાયેલ સાહેદોના પુરાવાની

વિગતો

A. ફરિયાદ પક્ષ તરફે મૌખિક પુરાવો

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | જયેન્દ્રસિંહ અજીતસિંહ જાડેજા | ફરીયાદી | ૧૭ |
| ૦૨ | અફાઝ અબ્દુલભાઇ મુદ્રાક | સાહેદ | ૩૦ |
| 03 | ચિરાગભાઈ દિનેશભાઈ ગણત્રા | સાહેદ | ૩૧ |
| ૦૪ | બોદુભાઇ હસનભાઇ પટણી | પંચ સાહેદ | ૩૫ |
| ૦૫ | મહમ્મદભાઈ હુસેનભાઈ ચકદા | પંચ સાહેદ | ૩૭ |
| ૦૬ | નવઘણભાઈ સંજયભાઈ સોલંકી | પંચ સાહેદ | ૩૯ |
| ૦૭ | અબ્બાસ ઇશાકભાઇ નોતીયાર | સાહેદ | ૪૦ |
| ૦૮ | અબ્દુલભાઇ લાખાભાઇ મુદ્રાક | સાહેદ | ૪૧ |
| ૦૯ | પુરણકુમાર મનુભાઈ ગોરાઈ | સાહેદ | ૪૨ |
| ૧૦ | રાજદીપસિંહ વિક્રમસિંહ ગોહિલ | ત.ક.અ | ૪૩ |

B.આરોપી પક્ષ તરફે મૌખિક પુરાવો, જો કોઈ હોય તો

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | --- | --- | --- |

C.કોર્ટ દ્વારા નોંધાયેલ પુરાવો, જો કોઈ હોય તો

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | --- | --- | --- |

ફરિયાદ પક્ષ / આરોપી પક્ષ / કોર્ટ દ્વારા નોંધાયેલ દસ્તાવેજી પુરાવાની

વિગતો

A. ફરિયાદ પક્ષ તરફે રજૂ દસ્તાવેજી પુરાવો

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૧૭ | ફરિયાદ |
| ૦૨ | ૩૬ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ |
| ૦૩ | ૩૮ | મુદમાલ રીકવરી પંચનામુ |

B. બચાવ પક્ષ તરફે રજૂ દસ્તાવેજી પુરાવો

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | - - - | - - - |

C. અદાલત દ્વારા નોંધાયેલ દસ્તાવેજી પુરાવો

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | - - - | - - - |

D. મહત્વનો પુરાવો (મટીરીયલ ઓબ્જેક્ટ)

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | - - - | - - - |

(૪) પ્રસ્તુત કામે ઉપરોક્ત પુરાવો રજૂ થયા બાદ ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ. ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ પુરાવા સબબ આરોપીનું બી.એન.એસ.એસ ની કલમ-૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના તેમના વિરૂદ્ધ આવેલા પુરાવાની હકીકતો નકારી કાઢી છે. આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે. આરોપીએ વિશેષમાં જણાવ્યું છે કે, તેઓ આરોપી નિર્દોષ છે ,ખોટી ફરીયાદ કરેલ છે.

(૫) પ્રસ્તુત કામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે તથા આરોપીના વિ.વ.શ્રીની પણ મૌખિક દલીલો વિગતવાર સાંભળવામાં આવેલ છે. ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સારૂ સદરહું દલીલોનો અલાયદો ઉલ્લેખ નહીં કરતાં, અહીં આપવામાં આવેલ કારણોમાં દલીલોનો વિગતવાર સમાવેશ કરવામાં આવેલ છે અને નિર્ણય ઉપર આવતી વખતે સમગ્રપણે ધ્યાને રાખવામાં આવેલ છે.

(૬) પ્રસ્તુત કામે ન્યાય નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>મુદ્દાઓ</u>

૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૨૫/૦૯/૨૦૨૫ થી ૦૪/૧૦/૨૦૨૫ ના અગિયારેક વાગ્યા પહેલા કોઇ પણ સમય દરમ્યાન વીંડ વર્લ્ડ ક્લીન એનર્જી ફોરેવેર પ્રા.લીમીટેડ કંપની હસ્તકની અપોલો ટાયર્સ લીમીટેડ કંપનીની પવનચક્કીઓ લોકેશન નંબર ૨૪, ૨૫, ૨૬ વાળી વાયુ એમ.એસ કંપનીની પવનચક્કીઓમા લોકેશન નંબર ૬૪૮, ૯૫૦, ૯૫૨ તેમજ મોટી વાવાડી ગામે સાઇટ ઓફીસની સામેના ભાગમાં આવેલ વાયુ એસ.એમ.કંપનીની પવનચકકી ૮૬,૮૭,૮૮ તેમજ છતર ગામે મોટી વાવડી ગામ તરફ જતા રસતે લાધવ સીમ વિસ્તારમાં વાયે એસ.એસ પવન ચકકી લોકેશન નં. ૯૩૫,૯૩૬,૯૩૭,અલગ અલગ૧૨ પવન ચકકીના ટ્રાન્સફોર્મરના બહારના તળીયાના ભાગ તરફ જતો લીલા કલરનું ૧૫૦ એમ.એમ. કોપર અથિંગ વાયરના કુલ- તમામ પવનચક્કીઓનો મળી કુલ-૮૪ મીટર આર કોપર વાયર જેના એક મીટરની કી.રૂ.૬૦૦/- એ કુલ કિ.રૂ.૫૦,૪૦૦/- નો કોપર ચોરી કરી, એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચેનાં કારણોસર નીચે મુજબ છે.

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

<u>**-// કા ર ણો //-**</u>

<u>મુદ્દા નંબર-૧ અને ૨</u>

(૮) જો ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરી આરોપી સામેનો આક્ષેપ નિઃશંકપણે એવી રીતે પુરવાર કરે કે જેનાથી ફરીયાદ પક્ષના પુરાવામાં શંકા ઉદ્ભવતી ના હોય અને એક અતૂટ સાંકળ જેમ દરેક કડીઓ એકબીજાને સાંકળે તેવો સળંગ અને મજબૂત પુરાવો રજુ થાય, તો જ આરોપી સામેનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર થયેલ માની શકાય. પરંતુ, જો ફરિયાદ પક્ષનો પુરાવો શંકાસ્પદ જણાય તો તેનો સીધો લાભ આરોપીને મળવો

જોઈએ. તેથી ફરીયાદ પક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવાનું ઊંડાણપૂર્વક ગુણદોષ ઉપર મૂલ્યાંકન કરવુ જરૂરી થઈ પડે છે.

(૯) ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા, ફરિયાદપક્ષે આંક-૧૭ થી ફરિયાદી જયેન્દ્રસિંહ અજીતસિંહ જાડેજાને સોગંદ પરના પુરાવાથી તપાસવામાં આવેલા છે. સદર ફરીયાદી સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ગઈ તા. ૦૪/૧૦/૨૦૨૫ ના રોજ બનેલો. માછરડા ગામે મોડપીરદાદાના મંદીરે જતા સીમ વીસ્તારમાં આવેલ જી.પી.ઈ.સી.એલ. આવેલા પવનચકકીના લોકેશન પર આવેલ જેમાં તેઓની કંપની ગણેશ સીકયુરીટી એજન્સીનો સીકયોરીટી એજન્સીનો કરાર હોય અને તેઓ ગણેશ સીકયુરીટી એજન્સીના ઇન્ચાર્જ છીએ અને તેમણી હેઠળ જામજોધપુર, ઉપલેટા, કાલાવડ, જામ કંડરોણા વિસ્તારમાં આવેલ વીન્ડવલર્ડ કંપનીના પવનચકકીના સીકયુરીટી હેઠળ ૫૭૮ પવનચકકીઓની સીકયુરીટીનો કરાર છે. બનાવના દિવસે તેઓ બપોરે અગીયાર વાગ્યે તેઓ તેમની ધરે મુળીલા ગામે હતો ત્યારે વીન્ડ વલ્ડ કંપનીના સીકયુરીટી ઇન્ચારજ બલરામ મીણાનો ફોન આવેલો અને કહેલ કે, માછરડા ગામના ટાવર નં. ૨૪, ૨૫, ૨૬ સીમવાળો મોડપીરદાદાનો થડો તેમજ મોટી વાવડી ગામે આવેલ અમારી ઓફીસની સામે પવનચકકી ટાવર લોકેશન નં. ૮૬,૮૭, ૮૮ તથા છતરમાં ગામે આવેલ ગાદલા ડુંગર ઉપર આવેલ ટાવર લોકેશન નં.૯૩૫,૯૩૬,૯૩૭ આવેલ છે ત્યાં ચોરી થયેલી. આ ચોરીમાં તેઓના ટાવર માછરડા ગામના ટાવર નં. ૨૪, ૨૫, ૨૬ સીમવાળો મોડપીરદાદાનો થડો તેમજ મોટી વાવડી ગામે આવેલ તેઓની ઓફીસની સામે પવનચકકી ટાવર લોકેશન નં. ૮૬,૮૭,૮૮ તથા છતરમાં ગામે આવેલ ગાદલા ડુંગર ઉપર આવેલ ટાવર લોકેશન નં. ૯૩૫,૯૩૬,૯૩૭ માં અથિંગનો કોપર કેબલ કે જે બહારની તરફ હોય જે ૧૫૦ એમ.એમ.નો હોય. જે આશરે મી. તેમને હાલ યાદ નથી જેની કિ. એક મીટરના રૂા.૬૦૦ એમ કુલ એક એક ટાવર મળી ૨૦ થી ૨૫ મીટરના કોપર કેબલ વાયરની ચોરી થયેલાનુ જણાવતા, બનાવ સ્થળે. જઇ તેમના સાઇટ ઇન્ચાર્ઝ બલરામ મીણા તથા કંપનીના ડ્રાયવર ચીરાગ ગણાત્ર અને બાઇક રાઉન્ડર અબ્બાસભાઇ નોતીયર ને ફોન કરી બનાવ સ્થળે બોલાવેલા. બનાવ સ્થળે જઇને જોતા દરેક ટાવર લોકેશનના દરવાજા તોડીને અજાણ્યા ઇસમ ચોરી કરી ગયેલ છે. આ ચોરીના બનાવ અંગે તેઓ કંપનીમાં પુરણકુમાર ગોરઇને ફોન કરી બનાવની જાણ કરેલી. આમ વાત કરતા તેઓએ ઉપરોકત બનાવ અંગે ચોરીની ફરીયાદ લખાવવાનુ કહેતા તેઓએ તેમના ટાવર લોકેશન માછરડા ગામના ટાવર નં. ૨૪,૨૫,૨૬ સીમવાળો મોડપીરદાદાનો થડો તેમજ મોટી

વાવડી ગામે આવેલ અમારી ઓફીસની સામે પવનચકકી ટાવર લોકેશન નં. ૮૬,૮૭,૮૮ તથા છતરમાં ગામે આવેલ ગાદલા ડુંગર ઉપર આવેલ ટાવર લોકેશન નં.૯૩૫,૯૩૬,૯૩૭ માંથી કોપરના કેબલ વાયરની કુલ રકમ રૂા.૫૦,૪૦૦/-ની ચોરી થયા અંગે ફરીયાદ લખાવેલી. જે અસલ ફરીયાદ રજુ દા. આંક-૧૮ છે.

(૯.૧) આ સાહેદની આરોપી પક્ષના વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટતપાસ કરી છે. જેમાં સાહેદે સ્વીકાર્યું છે કે, ફરીયાદમાં આરોપીઓના નામ જણાવેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, પવનચકકીના લોકેશન ઉપર સીકયુરીટી હોય છે અને સીકયરીટી ઉપર ધ્યાન રાખવામાં માટે અલગથી બાઇક રાઉન્ડર હોય છે આ સીકયુરીટીનો કોન્ટાકટ ગણેશ-સીકયુરીટી એજન્સીનો છે. સાહેદે સ્વીકાર્યું છે કે, પવનચકકીના લોકેશન ઉપર મેઇન્ટેન્સ સ્ટાફની અવર જવર હોય છે તેમજ પશુઓને ચરાવવા માટે માલધારીઓની પણ અવર જવર હોય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવ્યુ છે કે પશુ ચરાવતા માલધારીઓની રાત્રે અવરજવર રહેતી નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, હાલના બનાવની ફરીયાદ પુરણકુમાર ગોરઇના કહેવાથી આપેલી. સાહેદે સ્વીકાયુ છે કે, એ વાતની તેમને ખબર નથી કે, તેઓની સીકયુરીટી એજન્સી દવારા તેઓ ફરીયાદીને ફરીયાદ કરવા માટે કોઇ લેખીત પરવાનગી આપવી પડે કે કેમ? સાહેદે સ્વીકાર્યું છે કે, સદર બનાવ અંગે મને કોઈ શંકાસ્પદ વ્યકિતઓ મળી આવેલ નહી કે કોઈ નિષ્કર્ષ મળી આવેલ નહી. સાહેદે સ્વીકાર્યું છે કે, કંપની પાસે કોપર વાયરનુ બીલ હોય. સાહેદે સ્વીકાર્યું છે કે, સદરહું ચોરાયેલ મુદામાલ ચોકકસ કેટલા મીટર હતો તે તેઓ કહી શકું નહી. તેઓએ સદરહું ચોરાયેલ મુદામાલ કોપર જ હતો તે અંગેનો લેખીત પુરાવો પોલીસને આપેલો. સાહેદે સ્વીકાર્યું છે કે, વીન્ડવલ્ડ કલીન એનર્જી પ્રા.લી. સાથે ગણેશ સીકયુરીટીને એજન્સી સાથે કરાર થયેલ છે મારે કોઈ વ્યક્તિગત કરાર થયેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓ ઓળખ આપેલ વ્યક્તિનું નામ શાહનવાઝ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓ ઉપરોકત જણાવેલ કંપનીનો અધિકારી કે કર્મચારી નથી.

(૧૦) ફરીયાદપક્ષે સાહેદ અફાઝ અબ્દુલભાઇ મુદ્રાક આંક-૩૦ થી સોગંદ પર તપાસેલ હોય જેઓ બનાવ વિશે તેમને કશી જાત માહીતી ન હોવાનુ જણાવેલ છે. ફરીયાદીપક્ષે ફરી ગયેલા જાહેર કરી પ્રશ્નનોતરી વિ.એ.પી.પી શ્રી દ્વારા પુછતા કશી હકીકત બહાર આવતી નથી.

(૧૧) ફરીયાદપક્ષે સાહેદ ચીરાગભાઇ દીનેશભાઇ ગણત્રાને આંક-૩૧ થી સોગંદ પર તપાસેલ તેમા જણાવેલ છે કે, આજથી આશરે એકાદ વર્ષ પહેલા હકુમતી સરવાણીયાવાળી પવનચકી વીન્ડવર્ડ ઈન્ડીયા લી. ચોરી થઈ તે સમયે તેઓ ડ્રાયવીંગ કરતો હતો ત્યાં પોલીસ વાળા આવેલા હતા. જયાં પોલીસે તેમને સાહેદમાં રહેવાનુ કહેલુ, પોલીસે તેમને પુછેલ તમે ચોરી થઈ તે જોયુ છે તેમણે હા પાડેલી. પવનચકીમાં ચોરી થયેલી. જેમાં જઈને જોતા તેમાંથી ચોરી થયેલી હતી. જે સ્થળે ચોરી થયેલી તે પવન ચકીના લોકેશન નં.૧૦૧ હતા. ત્યાર બાદ ત્યાંથી બીજી પવનચકીએ ગયેલા. જેના લોકેશન નં. ૧૦૨ જયાં આમ, ચોરી થયેલી. જેમાંથી કોપરવાયરની ચોરી થયેલી. ત્યારબાદ ત્યાંથી પોલીસ સાથે અમો મોટી વાવડી ગયેલા જેના લોકેશન નંબર તેમને યાદ નથી. ત્યાં જઈને જોતા ત્યાં પણ કોપર વાયરની ચોરી થયેલી હતી.

(૧૧.૧) આ સાહેદની આરોપી પક્ષના વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટતપાસ કરી છે. જેમાં સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓ છુટક મજુરી કરુ છુ. સાહેદે જણાવ્યુ છે કે, તેઓ આ કંપનીનો કોઈ કર્મચારી નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, હાલના કેસ સીવાય તે પહેલા એક કેસમાં તેઓ પંચ તરીકે રહેલો છુ. સાહેદે જણાવ્યુ છે કે તેઓ સ્થળ ઉપર ગયો ત્યારે ત્યાં હાજર પોલીસ વાળાના નામ તેમને ખબર નથી અને તે સીવાય ત્યાં બીજા ઘણા માણસો હાજર હતા.સાહેદે જણાવ્યું છે કે તેમને એ વાતની ખબર નથી કે પવનચકી ઉપર સીકયુરીટી વાળા મુકવામાં આ અને તેઓ રાઉન્ડ મારતા હોય છે. સાહેદે સ્વીકાયું છે કે પોલીસને કોઈ વિગત જાતે લખાવેલી નથી.

(૧૨) ફરીયાદપક્ષે પંચ સાહેદ બોદુભાઇ હસનભાઇ પટણી આંક-૩૫ થી સોગંદ પર તપાસેલ છે. તેઓને બનાવવાળી જગ્યાનુ પંચનામું બતાવતા તેમાં તેની સહી ઓળખી બતાવી સદર બનાવવાળી જગ્યાનું પંચનામું આંક-૩૬ થી રજુ કરેલાનું જણાવે છે. મજકુર પંચસાહેદ તેમની જુબાનીમાં બનાવવાળી જગ્યાનુ પંચનામાની હકિકતને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરાયા બાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સીધા સવાલો પુછી ચકાસણી કરેલ હોવા છતા પંચનામાની હકિકતને સમર્થન આપતી ગણી શકાય તેવી કોઈ વિગતો આ પંચ સાહેદો તેમની જુબાનીમાં જણાવતા નથી. આમ, સદર પંચ સાહેદોની જુબાનીથી આંક-૩૩ વાળું બનાવવાળી જગ્યાના પંચનામું પુરવાર થતું નથી.

(૧૩) ફરીયાદપક્ષે પંચ સાહેદ મોહમ્મદભાઈ હુસેનભાઈ ચકદા આંક-૩૭ થી અને બીજા પંચ સાહેદ નવઘણભાઈ સંજયભાઈ સોલંકી ને આંક-૩૯ થી સોગંદ પર તપાસેલ છે. તેઓને મુદામાલ રીકવરી વપંચનામું બતાવતા તેમાં તેની સહી ઓળખી બતાવી સદર નું પંચનામું આંક-૩૮ થી રજુ કરેલાનું જણાવે છે. મજકુર પંચસાહેદ તેમની જુબાનીમાં પંચનામાની હકિકતને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરાયા બાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સીધા સવાલો પુછી ચકાસણી કરેલ હોવા છતા પંચનામાની હકિકતને સમર્થન આપતી ગણી શકાય તેવી કોઈ વિગતો આ પંચસાહેદો તેમની જુબાનીમાં જણાવતા નથી.આમ, સદર પંચ સાહેદોની જુબાનીથી આંક-૩૮ મુદામાલ રીકવરી પંચનામું પુરવાર થતું નથી.

(૧૪) ફરીયાદપક્ષે સાહેદ અબ્બાસ ઇશાશભાઇ નોતીયાર આંક-૪૦ થી સોગંદ પર તપાસેલ હોય જેઓ બનાવ વિશે તેમને કશી જાત માહીતી ન હોવાનુ જણાવેલ છે. ફરીયાદીપક્ષે ફરી ગયેલા જાહેર કરી પ્રશ્નનોતરી વિ.એ.પી.અશ્રી દ્વારા પુછતા કશી હકીકત બહાર આવતી નથી.

(૧૪.૧) ફરીયાદપક્ષે સાહેદ અબ્દુલભાઇ લાખાભાઇ મુદ્રાક આંક-૪૧ થી સોગંદ પર તપાસેલ હોય જેઓ બનાવ વિશે તેમને કશી જાત માહીતી ન હોવાનુ જણાવેલ છે. ફરીયાદીપક્ષે ફરી ગયેલા જાહેર કરી પ્રશ્નનોતરી વિ.એ.પી.અશ્રી દ્વારા પુછતા કશી હકીકત બહાર આવતી નથી.

(૧૫) ફરિયાદપક્ષે આંક-૪૨ થી સાહેદ પુરણભાઈ કુમાર મનુભાઈ ગોરાઈને સોગંદ પરના પુરાવાથી તપાસવામાં આવેલા છે. બનાવ વિશે કોઇ જાત માહીતી નથી. તેઓને બનાવ વિશે જયુભા તેઓની કંપનીના સીકયુરીટી ઈન્ચા હોય તેમણે જાણ કરતા તેઓને બનાવની હકીકત વિશે માહીતી મળેલ. ત્યાર બાદ તેઓ બનાવ સ્થળે ગયેલા ત્યાં ચોરી થયેલાનુ જોયેલુ

(૧૫.૧) આ સાહેદની આરોપી પક્ષના વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટતપાસ કરી છે. જેમાં સાહેદે સ્વીકાર્યું છે કે,હાલના બનાવ વિશે કશી જાત માહીતીન નથી.સાહેદ સ્વીકાયુ છે કે, બનાવવાળી પવનચકકી ઉપર સિકયુરીટી કોન્ટાકટ આપવામાં આવે છે.

(૧૬) ફરિયાદપક્ષે આંક-૪૩ થી ત.ક.અ રાજદીપસિંહ વિક્રમસિંહ ગોહિલને સોગંદ પરના પુરાવાથી તપાસવામાં આવેલા છે. આ કામે પી.એસ.ઓ શ્રી દ્વારા આગળની તપાસ તેઓને સોંપતા આ કામે સાહેદો નિવેદન તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલા તથા કામે મુદ્દામાં જ રિકવરી પંચનામુ એલ.સી.બી.એ કબજે કરેલ ત્યારબાદ પંચનામુ કબ્જે કરી આરોપીની અટક કરી અત્રેની કોર્ટમાં રજૂ કરી આરોપી વિરુદ્ધ પુરાવો હોય તેથી ચાર્જશીટ કરેલ.

(૧૬.૧) આ સાહેદની આરોપી પક્ષના વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટતપાસ કરી છે. જેમાં સાહેદે જણાવ્યું છે કે, ફરીયાદમાં જણાવેલ પવનચક્કી નાખવા માટે જે અધિકારીઓ આવેલા હતા તે સંબંધને દસ્તાવેજી આધારો તેઓ તેમની તપાસમાં મેળવેલ નથી તેમ ત્યાં કોઈ પવનચક્કી ઊભી કરવામાં આવેલ હોય તેના પણ કોઈ આધાર રજૂ કરેલ નથી. સાહેદે સ્વીકાયુ છે કે, કંપની ના કોઈ અધિકારી કે કર્મચારીના નિવેદન તેઓએ તેની તપાસ દરમિયાન લીધેલા નથી. સાહેદે સ્વીકાયુ છે કે, હાલના ફરિયાદમાં રિકવર કરેલ મુદ્દા માલ પંચનામું તેઓએ કરેલ નથી. સાહેદે સ્વીકાયુ છે કે, ચોરી થયેલ મુદ્દામાલના માલિકી કબજા સંબંધીના દસ્તાવેજથી આધારો તેઓની તપાસ દરમિયાન તેઓને મળી આવેલ નથી. સાહેદે સ્વીકાયુ છે કે, તેઓએ લીધેલ નિવેદન વાળા સાહેબો તેઓની ફરજ સંબંધીના કોઈ દસ્તાવેજી આધારો તેઓને આપેલ નથી કે તેઓ તેમની તપાસમાં મેળવેલ નથી વધુમાં તપાસ દરમિયાન બનાવવાળા ઘરની ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી કરેલ નથી.

(૧૭) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહી જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો આરોપી ઉપર બેસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. સાબિત થયેલ હકીકતો કોને કહેવાય. તે જોવામાં આવે તો ન્યાયાલય સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતો અસ્તિત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબીત થયેલ ગણાય.

હાલના કામ આ કામના આરોપી વિરૂધ્ધ આઇ.પી.સી. કલમ-બી.એન.એસ.કલમ-૩૦૩(૨), ૫૪ મુજબ ગુનાનો આક્ષેપ હોય. સદરહું કલમ અન્વયે આવશ્યક તત્વ મુજબના ગુનો સાબીત કરવા ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ થી ૧૦૩ મુજબ પરાવા રજ કરવાની જવાબદારી કરિયાદ પક્ષની છે. તે જોતા આરોપીએ આક્ષેપિત ગુનો કરેલ હોવાનું

સાબિત થતુ નથી. તે સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ બનાવ નજરે જોનાર સાક્ષીઓને સોંગદ પર તપાસેલ નથી.

(૧૮) તમામ હકીકતો અને સંજોગો તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો સમગ્રપણે ધ્યાને લેવામાં આવેલ છે. રેકર્ડ ઉપર ઉપલબ્ધ પુરાવાનુ ગુણદોષ ઉપર મુલ્યકાંન કરવામાં આવે તો, ચોરી થયાની સૌ પ્રથમ જાણ તેમને બલરામે કરેલી. આ ફરીયાદીએ ઉ.ત.માં સ્વીકાર્યા મુજબ હકીકત મુજબ સિકયુરીટીનો કોન્ટ્રાકટ ગણેશ સિકયુરીટી એજન્સીને આપેલો છે. પવનચકકીના લોકેશન પર સિકયુરીટી હોય છે અને તે સિકયુરીટી ઉપર પણ ધ્યાન રાખવા માટે બાઇક રાઉન્ડર રાખવામાં આવેલ હોય છે. આમ, ફરીયાદીના પુરાવા મુજબ આટલી સિકયુરીટી હોવા છતાં ફરીયાદીને ત્યાં ચોરીનો બનાવ બનેલ છે. આ સંદર્ભે તપાસ અધિકારીના સોગંદ પરના પુરાવાનુ મુલ્યાકંન કરવામાં આવે તો, તપાસ અધિકારીએ ઉ.ત.માં સ્વીકર્યા મુજબ પવન ચકકી નાખવા માટે જે અધિકારો આપેલા છે તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ તેમને આ કામે મેળવેલા નથી કે કંપનીના અધિકારીઓ કે કર્મચારીઓના કોઇ નિવેદનો તપાસ દરમિયાન તેમણે લીધેલા નથી. એટલુ જ નહી પરંતુ તપાસ કરનાર અધિકારીએ મુદામાલ રીકવરીનું પંચનામુ કરેલ નથી. આરોપીઓની ઓળખ પરેડ કરવામાં નહી આવેલ હોવાનુ ત.ક.અને પુછવામાં આવતા તેઓએ ઈન્કાર કરી દીધેલો છે. પરંતુ આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ તમામ પુરાવો ધ્યાને રાખવામાં આવે તો આરોપીઓની ઓખળ પરેડ કરવામાં આવેલ હોય તેવુ દર્શાવતુ પંચનામુ આ કામે રજુ થયેલ નથી. આમ, માત્ર અને માત્ર ફરીયાદી અને ત.ક.અના સોંગદપરના પુરાવાને ધ્યાને રાખતા એવુ સ્પષ્ટ જણાય છે કે બનાવ સ્થળે રાઇન્ડ ધ કલોક સિકયુરીટીને કોન્ટ્રાકટ આપવામાં આવેલ હતો અને તે કોન્ટ્રાકટ ઉપર પણ નિગરાણી રાખવા માટે બાઇક રાઉન્ડર રાખવામાં આવેલ હોવા છતાં ચોરી થયેલી છે અને આ ચોરીનો કોઇ મુદામાલ આરોપીઓ પાસેથી રીકવર થયેલ હોવા અંગેનુ ત.ક.અ એ પંચનામુ કરેલ નથી કે આરોપીઓની ઓળખ પરેડ કરાવેલ નથી. તેવા સંજોગોમાં આ કામે કબજે લેવાયેલ મુદામાલ આ કામના આરોપી પાસેથી રીકવર થયો હોય એવુ માનવાને કારણ જણાતુ નથી.

(૧૯) આ કામે સાહેદ અફાઝભાઇનો આંક-૩૦ પુરાવો ધ્યાને રાખવામાં આવે તો સ્પષ્ટ જણાવેલ છે કે બનાવ અંગે કોઇ જાત માહીતી નથી. એવી જ રીતે સાહેદ ચીરાગભાઇ ગણાત્રા આંક-૩૧ થી સોગંદ ઉપર જણાવેલ છે કે, જે લોકેશન ઉપર ચોરી થયેલી તે લોકેશનનો નંબર તેમને યાદ નથી ચોરી થયેલુ તેવુ જાણે છે. આ સાહેદની ઉ.ત.માં બહાર આવેલ હકીકતમાં તેઓ કોઇ કંપનીના કર્મચારી

નથી અને પવનચકકી ઉપર સિકયુરીટી મુકવામાં આવેલ તેની તેમને ખબર નથી ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ બોદુભાઇને આંક- ૩૫ થી તપાસેલા છે તેઓ આંક-૩૬ વાળા પંચનામાના પંચ સાહેદ છે તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી અને તૈયાર પંચનામા સહી કરેલ હોવાનુ જણાવેલ છે આ સાહેદ ફરી ગયેલા જાહેર થયેલા છે તે રીતે આંક-૩૬ વાળુ પંચનામુ પુરવાર થતુ નથી. તેવી જ રીતે ફરીયાદપક્ષે મહમદભાઇને આંક-૩૭ અને નવધણભાઇને આંક-૩૯ થી તપાસેલા છે આ બન્ને પંચ સાહેદો આંક-૩૮ રજુ થયેલા પંચનામાના પંચ સાહેદો છે પંચનામુ કઇ બાબતનુ હતુ તેની તેમને જાણ નથી. તેમણે તૈયાર પંચનામા સહી કરેલ હોવાનુ જણાવેલ છે આ સાહેદ ફરી ગયેલા જાહેર થયેલા છે તે રીતે આંક-૩૮ વાળુ પંચનામુ પુરવાર થતુ નથી. ફરીયાદીએ જણાવ્યુ છે કે તેમને સૌ પ્રથમ જાણ બલરામભાઇ મીણા એ કરેલ આ બલરામ મીણાને સોગંદ પર તપાસવામાં આવેલ નથી. આ સિવાય સાહેદ અબ્બાસભાઇ નોતીયાર આંક-૪૦ થી, સાહેદ અબ્દુલ મુદ્રાક આંક-૪૧ અને સાહેદ પુરણકુમાર ગોરાઇ આંક- ૪૨થી ને સોગંદ પર તપાસેલ છે. આ ત્રણેય સાહેદ સરતપાસમાં જણાવેલ છે કે બનાવની તેમને કોઇ જાત માહીતી નથી. આમ, તમામ હકીકતો અને સંજોગો તેમજ રેકર્ડ પરના પુરાવાનુ મુલ્યકાંન કરવામાં આવે તો બનાવ તારીખ, સમય, સ્થળે આ કામના આરોપીઓની હાજરી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી આ કામે આરોપીઓ પાસેથી ચોરીમાં થયેલ કોઇ મુદામાલ રીકવર થયેલ નથી. આ કામે તપાસ દરમિયાન કોઇ પંચનામા, સ્વતંત્ર એવા પંચ સાહેદોના પુરાવાથી પુરવાર થયેલ નથી તે તમામ હકીકતો ને સમગ્ર હકીકત ધ્યાને રાખવામાં આવે તો ફરીયાદપક્ષ આ કામે ઉપિસ્થત મુદા નં. ૧ શંકા થી પર રહી આરોપીપક્ષ પુરવાર કરવામાં સદતર નિષ્ફળ નીવેડેલ હોવાનુ અત્રેની અદાલતનું નમ્ર પણે માનવુ છે જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ ના નિર્ણય તરીકે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

:: આખરી હુકમ::

**(૧)** ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૭૧(૧) ની જોગવાઈ મુજબ આરોપીઓને તેઓની સામેના બી.એન.એસ.કલમ-૩૦૩(૨), ૫૪ મુજબના ગુના સબબ શંકાના આધારે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** અપીલ સમય પુરો થયા બાદ અત્રેની કોર્ટના હુકમ વિરૂધ્ધ જો અપીલ થયેલ ન હોય તો આ કામે કબજે લેવાયેલ મુદામાલ પૈકી વચગાળાનો જે હુકમ થયેલ તે કાયમ કરવામાં આવે છે. તે સિવાય

કીંમતી તમામ મુદામાલનો માલિકી અંગે ખાતરી કરી અને તે સિવાયના બીન કિંમતી મુદામાલનો નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓને ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૪૮૧ ની જોગવાઈ મુજબ સદર ચુકાદા વિરૂધ્ધ અપીલ થાય તો તે સંદર્ભે ના છ માસ માટે ના સમયગાળા માટેના રૂા. ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરાના) સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચકરકા રજુ કરવા.

**હુકમ આજ તા. ૧૫મી માહે-જુલાઇ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ - ૧૫/૦૭/૨૦૨૬**
**સ્થળ -કાલાવડ**

**અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની**
**જજ કોડ - જીજે૦૧૬૦૬**
**જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ, કાલાવડ**